ચાલુ નોકરી દરમ્યાન અવસાન
પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના
કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક
નાણાકીય સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 13/૧૦/૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

આમુખ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ આગળના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના હાલમાં અમલી છે. "ઉચ્ચક નાણાકીય સહાય" ચુકવવાની ઉકત યોજના અમલમાં મુકાયા બાદ તેમાં કરવામાં આવેલ જોગવાઈઓ સંદર્ભમાં. વિભાગો તરફથી આવતી રજુઆતોને ધ્યાને લઈ સ્વ.કર્મચારીનાં આશ્રિત કુટુંબ દ્વારા અરજી કરવાની સમયમર્યાદા નક્કી કરવાની બાબત , ફીકસ પગારમાં નિમણૂંક પામેલ કર્મચારીઓ તથા નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણૂંક પામેલ કર્મચારીના અવસાનના કિસ્સામાં આશ્રિત કુટુંબના સભ્યોને ઉચ્ચક નાણાકીય સહાયનો લાભ આપવા બાબત અને સ્વ.કર્મચારીના આશ્રિત કુટુંબના સભ્યોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા અગ્રતાક્રમ નક્કી કરવા બાબતે ફેરફાર /સુધારા કરવાની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) સ્વર્ગસ્થ કર્મચારીના અવસાનની તારીખથી ૬ માસની મુદત દરમ્યાન આશ્રિત કુટુંબના લાયક સભ્યોએ " ઉચ્ચક નાણાકીય સહાય " મેળવવા માટેની અરજી કરવાની રહેશે.

Office of the Registrar
A. A. U., ANAND.
4 NOV 2015
INWARD No. 13037

આ સમયમર્યાદા બાદ કરવામાં આવેલ અરજીને સામાન્યત: ધ્યાને લેવાની રહેશે નહિં. તેમ છતાં, થયેલ વિલંબ બાબતે સંતોષકારક કારણો મળેથી રાજય સરકાર આ મુદતમાં છૂટછાટ આપી શકશે.

(૨) તા. ૫-૭-૧૧ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૨) અંતર્ગત નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલા અને ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવાઓ બજાવનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને આ જોગવાઇનો લાભ મળવાપાત્ર થાય છે. તેના સ્થાને આ " ઉચ્ચક નાણાકીય સહાય " નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલા અને ઓછામાં ઓછી એક વર્ષની સેવાઓ બજાવનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના સ્વર્ગસ્થ કર્મચારીના તેમજ વર્કચાર્જ મહેકમ ઉપરના વર્ગ-૩ અને વર્ગ-૪ ના સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિતકુટુંબને આ લાભ મળવાપાત્ર થશે.

(૩) તા. ૫-૭-૧૧ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૩)ની વર્તમાન જોગવાઈના સ્થાને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

"અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને નીચેના અગ્રતાક્રમ મુજબ " ઉચ્ચક નાણાકીય સહાય " મળવાપાત્ર થશે :

૧ સ્વર્ગસ્થ કર્મચારીના વિધવા કે વિધુરને

૨. સ્વર્ગસ્થ કર્મચારીના વિકલાંગ/શારીરિક અશક્ત પુત્રી કે પુત્રને

૩. સ્વર્ગસ્થ કર્મચારીની ૨૫ વર્ષની નીચેની વયની અપરણિત પુત્રીને (નિ:સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન હિન્દુ એડપ્શન એક્ટ-૧૯૫૬ હેઠળ દત્તક લીધેલ સતાન સાથે)

૪. સ્વર્ગસ્થ કર્મચારીની ૨૫ વર્ષની નીચેની વયના અપરણિત પુત્રને (નિ:સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન હિન્દુ એડપ્શન એક્ટ-૧૯૫૬ હેઠળ દત્તક લીધે લીધેલ સતાન સાથે)

૫. સ્વર્ગસ્થ કર્મચારીના માતાને

૬. સ્વર્ગસ્થ કર્મચારીના પિતાને

(૪) સા.વ.વિભાગના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી કરાયેલ અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

(૫) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧-૯-૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( દેવી પંડયા )
સંયુકત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચનાસહ).
વિશિષ્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
સા.વ.વિ.ની સર્વે શાખાઓ/અધિકારીઓ
* પત્ર દ્વારા

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત..

નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.

(૨) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ

(૩) હિસાબી અધિકારીશ્રી(કેશ)/વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી,આ.કૃ.યુ.,આણંદ

(૪) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૨૩૯૯-૨ /૨૦૧૫

તા.૨૨/૧૨/૨૦૧૫

કુલસચિવ

નકલ રવાના:

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આ.કૃ.યુ.,આણંદ

(૨) અત્રેની એડીએમ શાખા-ર તરફ જાણ તથા અમલ થવા સારૂ.